# ડભોડીયા હનુમાનજીના દર્શનાર્થે માનવ મહેરામણ ઉમટયો

## ૭૦૧ તેલના ડબ્બાથી અભિષેક કરાયો અને ૧૫૧ કિલોની કેક કાપવામાં આવી : મહાઆરતીમાં હૈયે હૈયુ દળાયુ

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર તાલુકામાં આજે હનુમાન જયંતિનો તહેવાર ભારે ઉત્સાહ અને ભક્તિભાવપૂર્ણ રીતે ઉજવાયો હતો. તાલુકાના ડભોડા ખાતે આવેલ પ્રાચીન અને અતિ પ્રસિદ્ધ શ્રી ડભોડીયા હનુમાનજીના મંદિરે દર્શનાર્થે ભારે માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો.

પૌરાણિક માહાત્મ ધરાવતા શ્રી ડભોડીયા હનુમાનજીના મંદિરે સવારે ૫ વાગ્યાથી મારૂતિ યજ્ઞ શરૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સવારે ૯ વાગે ૭૦૧ તેલના ડબ્બાથી આશરે ૧૧ હજાર લિટર તેલથી હનુમાન દાદાનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ અભિષેક દરમ્યાન ચઢાવાયેલુ તેલ નકામુ ના જાય તે માટે મંદિરમાં તેલ સીધુ એક અંડરગ્રાઉન્ડ ટાંકામાં એકઠુ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી હતી. અભિષેક બાદ બેન્ડવાજા સાથે હનુમાનજીની શોભાયાત્રા ડભોડા ગામના માર્ગો પર કાઢવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા.

શોભાયાત્રા બાદ ભાવિક ભક્તો માટે મંદિર તરફથી પ્રસાદ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ ૧૧.૪૫ વાગે મંદિરે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ધજાઆરોહણ કરવામાં આવ્યું હતું અને બરાબર ૧૨ વાગે મહાઆરતી કરવામાં આવી હતી. મહાઆરતીમાં ખૂબજ મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. આ સાથે ૧૫૧ કિલોની કેક કાપીને હનુમાન દાદાનો હેપ્પી બર્થ ડે ઉજવવામાં આવ્યો હતો. ભાવિક ભક્તોએ દાદાના ચરણે સિંદૂર, સુખડી, શ્રીફળ વગેરે ધરાવ્યા હતા. ડભોડા ઉપરાંત ચંદ્રાલા અને ગિયોડ ખાતે પણ હનુમાન જયંતિની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી.





આજે ૭૦૧ તેલના ડબ્બાથી અભિષેક કરાયો હતો અને ૧૫૧ કિલોની કેક કાપવામાં આવી હતી. ડભોડા ખાતે આ ઉત્સવમાં ભાગ લેવા અને હનુમાનદાદાના



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ચિલોડા હાઈવે પર ડ્રાયવરને ઝોકું આવી જતા ટ્રેલર ઝાડમાં ઘુસી ગયું

## ક્લીનર કૂદકો મારીને ઉતરી ગયો ને ડ્રાયવરના બંને પગ ફુરચો બોલી ગયા : કટરથી કેબીન કાપીને ફાયરબ્રિગેડે ડ્રાયવરને બચાવી લીધો

ગાંધીનગર, તા. ૧૫

અમદાવાદ હિંમતનગર નેશનલ હાઈવે પરથી આજે વહેલી સવારે પસાર થઈ રહેલા લોંગ ટ્રેલર ના ડ્રાયવર ને અચાનક ઝોકું આવી જતા સ્ટીયરીગ પર થી કાબુ ગુમાવી બેઠો હતો અને ચિલોડા નજીક હાઈવે પર એક ઝાડ માં ટ્રેલર ઘુસી ગયું હતું.

અકસ્માતમાં ટ્રેલર ની કેબીન નો ફુરચો બોલી જતા ડ્રાયવરના બંને પગ ફસાઈ ગયા હતા.અમદાવાદ ફાયર બ્રિગેડ ને કલીનરે જાણ કરતા ટીમ દોડી આવી હતી અને કટરથી કેબીન નું પતરું કાપીને દોઢ કલાક ની જહેમત બાદ ડ્રાયવર ને જીવતો બહાર કાઢી બચાવી લેવામાં આવ્યો હતો.સદનશીબે આ દુર્ઘટના માં કોઈ જાનહાની થવા પામી ન હતી.

મળતી માહિતી મુજબ ૧૮ વ્હીલ નું મોટું ટ્રેલર આજે વહેલી સવારે અમદાવાદ થી હિંમતનગર તરફ હાઈવે પર પસાર થઈ રહ્યું હતું.જેમાં એક ડ્રાયવર અને ક્લીનર સવાર હતા.સુમસામ હાઈવે પર પરોઢ ના આછા પાતળા અજવાળા માં ટ્રેલર ના ડ્રાયવર ને એકાએક ઝોકું આવી જતા ડ્રાયવરે સ્ટીયરીગ પર નો કાબુ ગુમાવી દીધો અને ચિલોડા નજીક હાઈવે પર રસ્તા ની સાઈડ માં ટ્રેલર ઉતરી ગયું ને ધડાકાભેર એક ઝાડ સાથે ટકરાઈ ગયું હતું..આ અકસ્માત માં ક્લીનર ટ્રેલર માંથી કુદી જતા તે બચી ગયો હતો. તેણે નાની ખરોચ પણ આવી ન હતી.ટ્રેલર નો કેબીન નો ભાગ બુકડો બોલી જતા ડ્રાયવર કેબીન માં જ ફસાઈ ગયો હતો.ક્લીનરે તાત્કાલિક ૧૦૮ એમ્બુલન્સ અને ફાયર બ્રિગેડ ને જાણ કરીને બોલાવી લીધી હતી.

ગાંધીનગર ૧૦૮ તાબડતોબ ઘટના સ્થળે પહોચી ગઈ હતી પરંતુ તેમનાથી ફસાઈ ગયેલો ડ્રાઈવર નીકળે તેવી શકયતા ન હતી.અમદાવાદ ફાયર ની ટીમ તેટલી વાર માં આવી પહોચી હતી ને કટર વડે કેબીન નું પતરું કાપીને ડ્રાઈવર ને બહાર કાઢી તેને બચાવી લીધો હતો.આ ગમખ્વાર અકસ્માત માં સદભાગ્યે કોઈ જાનહાની થઈ ન હતી.ડ્રાયવર ને બંને પગે ઈજાઓ થતા અમદાવાદ હોસ્પિટલ માં લઈ જવામાં આવ્યો હતો.



સે. ૬ ચંદ્રમૌલેશ્વર મહાદેવ ખાતે હનુમાન જયંતિ પર્વ નિમિત્તે એક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.
(તસવીર : કશ્યપ નિમાવત)

# નવી સીરીઝના પસંદગીના નંબરોની હરાજી : દોઢ લાખની આવક થઈ

ગાંધીનગર, તા.૧૫

આર.ટી.ઓ. કચેરીમાં ટુ વ્હીલરની નવી સીરીઝને અનુલક્ષી પસંદગીના નંબરો માટે હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. દ્વી ચક્રી વાહનોમાં જીજે-૧૮ સી.જી.ની નવી સીરીઝ શરૂ થતા પસંદગીના નંબારો મેળવવા અરજદારોએ અરજી કરી હતી. જયારે આ અન્વયે યોજાયેલી હરાજી દરમિયાન નંબર-૧ ઊંચો ભાવ બોલવામાં પણ નંબર વન રહ્યો હતો. ૧ નંબર માટે સૌથી વધુ ૧૫,૫૮૬ રૂપિયા ચુકવવામાં આવ્યા હતા. પસંદગીના નંબરોની હરાજીના અંતે આરટીઓ તંત્રને રૂ. ૧.૫૫ લાખની આવક થઈ હતી.

ટુ વ્હીલરના પસંદગીના નંબરોની હરાજીના આંકડા

૧ નંબર માટે - રૂ. ૧૫,૫૮૬
૫ - ૫,૨૦૦
૯૯૯૯ - ૪,૮૦૦
૦૭ - ૪૩૫૬
૧૧૧ - ૪૧૫૧
૭૭૭ - ૩,૮૮૭
૨૭ - ૩૬૦૦
કુલ આવક રૂ. ૧,૫૫,૩૦૦

# અહીં તો રામ રાજ્ય જ છે, કારણ કે એક વર્ષથી સરકારી તંત્ર રામભરોસે જ ચાલે છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરની ગાદીએ બિરાજેલા ગુજરાતના મુખ્યમંત્રીએ દિલ્હીની સલ્તનત કબ્જે કરવા દોટ તો મુકી છે પણ અહીં ઘર આંગણે જ 'દિવા તળે અંધારુ' જેવી સ્થિતિ સર્જાય તેવો ઘાટ ઉભો થઈ રહ્યો હોય તેવુ લાગી રહ્યું છે. એક તરફ શહેરની જનતાના દિલમાં એકવાર ચૂંટાયા પછી પાંચ વર્ષે જ દેખાતા લાલકૃષ્ણ અડવાણી પ્રત્યેનો અણગમો છતો થઈ રહ્યો છે. તો બીજી તરફ કર્મચારીનગરના સરકારી કર્મચારીઓમાં પણ વર્તમાન રાજ્ય સરકારની કામગીરી બાબતે ઘણી બધી ફરિયાદો ઉઠી રહી છે.

આજે શહેરની મધ્યમાં આવેલા ડૉ. જીવરાજ મહેતા ભવન અને ઉદ્યોગભવન ખાતે કેટલાક કર્મચારીઓનો સંપર્કસાધવામાંઆવ્યોહતો. મોટાભાગના રાજ્યસરકારના કર્મચારીઓનેસરકારના વલણઅનેકાર્યપદ્ધતિસામેરોષભરાયેલો છે. જો કે એક પણ કર્મચારી પોતાનુ નામ જાહેર કરવા સાથે અભિપ્રાય આપવા તૈયાર થયો નહોતો પરંતુ જ્યારે નામ જાહેર કરવામાં નહી આવે તેવી હૈયાધારણા આપ્યા પછી તેમણે ફટાફટ જવાબો આપ્યા હતા.

જુના સચિવાલય ખાતે એક કર્મચારી સાથે વાતચીત કરતા તેમણે ખૂબ જ માર્મિક અદામાં જવાબ આપતા કટાક્ષ કર્યો હતો કે 'અમારે તો અહીં રામ રાજ્ય જ છે, કારણ કે છેલ્લા એક વર્ષથી આખુ સરકારી તંત્ર રામ ભરોસે જ ચાલે છે.' વિગતવાર ફોડ પાડતા તેમણે કહ્યું કે 'આપણા સાહેબ અને તેમની આખી સરકાર છેલ્લા એક વર્ષથી તેમને વડાપ્રધાન બનાવવામાં લાગેલી છે. જેથી તંત્રમાં રૂટિન કાર્યો સિવાય અનિર્ણાયકતાનો માહોલ સર્જાયો છે. નિવૃત્ત થઈ રહેલા

**ઈલેક્શન લાઈવ**

કર્મચારીઓ પછી પાછળ પ્રમોશનો આપવાનું બંધ હોઈ અધિકારીઓ પર કેપેસીટી કરતા વધારે જવાબદારીઓનો ચાર્જ અને બોજો લાદી દેવાય છે. આ કારણે કર્મચારીઓનું કૌટુંબિક અને સામાજીક જીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે અને તેમની માનસિકતા પર ઘેરી અસર પડી રહી છે.

ઉદ્યોગભવનના કર્મચારીઓ સાથેની વાતચીતમાં કર્મચારીઓએ રાજ્ય સરકાર પર બેફામ ખર્ચા દ્વારા રાજ્યની તિજોરી ખાલી કરી નાંખી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. એક તરફ કર્મચારીઓને પગાર કરવાના પણ પૈસા સરકાર પાસે નથી જેની દર મહિને યેનકેન પ્રકારે વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. જ્યારે બીજી તરફ સરકારે વિવિધ મહોત્સવોમાં બેફામ પણે નાણાનો દુર્વ્યય કર્યો છે. ગરીબ કલ્યાણ મેળામાં ગરીબોને સહાય વિતરણ કરવા બીજો કરોડો રૂપિયાનો ધુમાડો માત્ર મોટા દેખાડા કરવા માટે કરવામાં આવ્યો છે. જેમાં બેફામ રીતે દોડાવાતી બસો, મોટા મોટા મંચ અને જાહેર સમારંભો, આગતા સ્વાગતા અને સરભરાના ખર્ચાઓએ માઝા મુકી દીધી હતી. આ ઉપરાંત પતંગ મહોત્સવમાં પણ વિદેશી સહેલાણીઓને ગુજરાતની પ્રજાના પરસેવાની કમાણી દ્વારા મફતમાં સહેલગાહો, સરભરાઓ અને જયાફતો ઉડાવવા પાણીની જેમ પૈસો વાપરવામાં આવે છે.

એક કર્મચારીએ તો રાજ્ય સરકાર દ્વારા સરકારી પાવન પ્લાન્ટોને જાણી જોઈને યેનકેન પ્રકારે બંધ રખાય છે અને વિજળીની ખેંચના નામે અદાણી, એસ્સાર અને રીલાયન્સ જેવા ઉદ્યોગો પાસેથી પછી મોંઘા ભાવે વિજળીની ખરીદી કરવામાં આવે છે તેવી માહિતી આપી હતી. ટુંકમાં કર્મચારીઓ સાથેની વાતચીતમાં 'એન્ટી ઈન્કમ્બસી'નું તત્વ ખૂબ ઘેરી અસર ઉપજાવી રહ્યું હોય તેવું જણાતુ હતુ. માત્ર જુજ કર્મચારીઓએ રાજ્ય સરકારની તરફેણમાં દલીલ કરી હતી.

# ગાંધીનગર ખાતે ૧૭મીએ ભાજપના પ્રદેશ પ્રમુખ ફળદુની જાહેરસભા

ગાંધીનગર, તા. ૧૫

શહેરમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા આગામી લોકસભાની ચૂંટણીઓનો પ્રચાર વેગવંતો બનાવાઈ રહ્યો છે. ભાજપના ગુજરાત પ્રદેશના અધ્યક્ષ આર.સી. ફળદુ તા. ૧૭મી એપ્રિલ ગુરૂવારે સેક્ટર-૧૧ ખાતે સવારે દસ વાગે એક જાહેર સભા સંબોધવાના છે. આ જાહેર સભામાં શહેર ભાજપના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરના સૌથી વ્યસ્ત કોમર્શીયલ વિસ્તાર સેક્ટર-૧૧માં રાધે આર્કેડ ખાતે આ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જાહેર સભામાં ગાંધીનગર-૩૬ ઉત્તર વિધાનસભા બેઠકના ઈન્ચાર્જ તથા પૂર્વ સહકારમંત્રી અને ખાદી ગ્રામોદ્યોગ બોર્ડના ચેરમેન વાડીભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર લોકસભા બેઠકના ઈન્ચાર્જ પ્રવિણભાઈ પટેલ તથા કુશળસિંહ પઢેરીયા સહિત મહાનગર સંગઠનના હોદ્દેદારો, વોર્ડના પ્રમુખ, મહામંત્રીઓ, સેલ મોરચાના પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહેશે.

# સૌ સહમત કોંગ્રેસને મત, પ્રચાર અભિયાન વેગવંતુ બન્યુ


ગાંધીનગર, તા. ૧૫

લોકસભાની ચૂંટણીને લઈને શહેરમાં પ્રચાર અભિયાન વેગવંતુ બનતુ જાય છે. તમામ પક્ષો દ્વારા પોતાના ઉમેદવાને વિજયી બનાવી લોકસભામાં મોકલવા પરસેવો પાડી રહ્યા છે. શહેર કોંગ્રેસ દ્વારા આજે હનુમાન જયંતિની રજા પાડ્યા વિના અભિયાન અવિરત ચાલુ રાખ્યુ હતુ.

શહેરમાં કોંગ્રેસ દ્વારા ઉમેદવાર કિરીટ પટેલને વિજયી બનાવવાના ધ્યેય સાથે પ્રચાર અભિયાન સાંજે ૪.૦૦ વાગ્યાથી સેક્ટર-૧૪, ૧૫, ૧૬ અને ફતેપુરા ખાતે યોજવામાં આવ્યું હતું. પક્ષના કાર્યકરો અગનગોળા વરસાવતી ગરમીમાં પણ લોક સંપર્ક કરતા નજરે ચડતા હતા.

આજરોજ સમગ્ર દેશમાં હનુમાન જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ત્યારે શહેર કોંગ્રેસ દ્વારા કળયુગના દેવ હનુમાન દાદાના આશીર્વાદ લઈ પ્રચાર અભિયાનને વેગવંતુ બનાવ્યું હતું. કાર્યકરો દ્વારા મતદારોને કોંગ્રેસ પક્ષને મત આપવા અપીલ કરતા હતા.

લોકસંપર્ક અભિયાનનો પ્રારંભ કોંગ્રેસ કાર્યાલયથી કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સેક્ટર-૧૪, ૧૫, ૧૬ અને ગોકુલપુરા, ફતેપુરાની પ્રદક્ષિણા કરી હતી. આ વિસ્તારના મતદારોને નડતી સમસ્યાઓ સાંભળી હતી અને ભવિષ્યની સમસ્યાઓથી મુક્તિ મળશે તેમ જણાવતા હતા. રેલીમાં શહેર કોંગ્રેસ પ્રમુખ મુકેશ પટેલ, ઝોન-૨ પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડા, કોર્પોરેટર હર્ષજીત પંડ્યા, ચિમન વિંઝુડા સહિત અનેક કાર્યકરો રેલીમાં જોડાયા હતા.



## ડભોડામાં ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

આજે ચૈત્રી પૂનમે હનુમાન જયંતિ નિમિત્તે શ્રદ્ધાળુ ભક્તોએ ચિલોડા પંથકના મંદિરોએ વહેલી સવારથી આસ્થા પરિપૂર્ણ કરવા દર્શનાર્થે ભીડ જમાવી હતી. ડભોડાના હનુમાનજી મંદિર ઉપરાંત અન્ય મંદિરોમાં પણ ઉજવણી કરવામાં આવી હતી. ડભોડાના યાદવનગર ખાતે આવેલા સ્વામી શિવાનંદ આશ્રમ ખાતે ૫૧ કુંડીય ગાયત્રી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દહેગામ ગાયત્રી શક્તિપીઠ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અને ગાયત્રી મંત્રોચ્ચાર દ્વારા આહુતિ અપાઈ હતી. આ હવનમાં ભાવિકોએ ભાગ લઈ ધન્યતા અનુભવી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૬

## તાપમાન

મહત્તમ : ૩૮.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫
: સ્ક્રીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦
: સ્ક્રીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**વૃષભ** : જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

**મિથુન** : વ્યાપારક્ષેત્રમાં પ્રવાસનું આયોજન થશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

**કર્ક** : આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. સંતાન તરફથી સુખદ સમાચાર પ્રાપ્ત થશે. જે આપના આનંદમાં વધારો કરશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

**સિંહ** : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

**કન્યા** : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે.

**તુલા** : પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વ્યાપારક્ષેત્રમાં સંભાળવું. ધાર્મિકયાત્રા પ્રવાસનું આયોજન થશે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

**ધન** : આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

**મકર** : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે. વ્યાપારક્ષેત્રે નવી યોજનાઓ સફળ થશે.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. કોઈપણ નિર્ણય પોતાની બુદ્ધિમતાથી લેવો. નવા સંબંધો બંધાશે.

**મીન** : કુટુંબમાં મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

## ચિરવિદાય

● સ્વ. મોદી મંજુલાબેન કનુભાઈ (ઉ.વ. ૬૪) પ્લોટ નં.૫૧૫/૧ સેક્ટર-૬બી, ગાંધીનગર